
એપ્રિલ - ૨૦૨૧
અંક - ૩૪

સંપાદકીય બોર્ડ
- બી.કે. મહતો
- એસ.જે.મહેતા
- એમ.એમ.ઠક્કર

GSECL

GMDC
FUELING THE GROWTH

# અરુણોદય




કાળીયા ધ્રો – કચ્છ

## અનુક્રમણિકા

– પૈસા
– માનવતા
– અલવિદા ખલીલ.....
– કળયુગની હકીકત સાંભળો
– ભારતીય સંસ્કૃતિ શા માટે ધરાશાયી ?
– કેટલાક અંગ્રેજી શબ્દો અને તેમના શુધ્ધ ગુજરાતી ભાષાંતર
– ચિંતન
– વીર મારૂતિ
– અમૂલ્ય જીવન
– પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા પુણ્યતિથિ ઉજવણી

# તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન "અરૂણોદય" એપ્રિલ-૨૦૨૧ , અંક-૩૪ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે [illegible]તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી

# पैसा



**Ingrodiya Esha Maheshbhai**
*Std.-10 , SKV VIDHYALAYA*

आज सब  जगह एक ही धूम मची हुइ है ,
पैसा कमाने की यह कैसी होड लगी हुइ है |

ईसमे तो ऐसा क्या है वह बात समज नहीं आ रही है ,
पूरी दुनिया एक कागज के टुकडे के पीछे भाग रही है |

यह बात सच है की पैसा बाहरी सुख ले आता है ,
पर साथ ही में शांति का डकैत भी माना जाता है |

यह बात समज आयी के पैसा सब कुछ है ही नहीं ,
क्युंकी पैसा बिस्तर खरीद सकता है, नींद नहीं |

पैसा एक ऐसी चीज है जिस से सब हैरान हैं ,
जिस के पास है वह भी और नहीं है वह भी परेशान हैं |

आज ऐसा क्युं है , उसका एक पहलू सामने आता है ,
की आज पैसा हर एक खेल में बाजी मार जाता हैं |



# માનવતા



વી.જી. રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

ભગવાને માનવનું સર્જન કર્યું તેની સાથે જ તેનામાં માનવતા પણ ભરી છે. માનવતા વગરનો માનવી શક્ય નથી. આ સૃષ્ટિનું સર્જન કર્યું છે તે પણ તેમની મનુષ્યજાત પર કૃપા દૃષ્ટિરૂપ માનવતા જ છે. જો માનવમાં માનવતા ન હોય તો તે દાનવ જ કહેવાય.

અત્યારના સમયમાં દરેક વ્યક્તિ , ટ્રષ્ટ ,ધર્મ કે પંચ માનવસેવાનાં કાર્યો કરે છે. વિવિધ સંસ્થાઓ દ્વારા નિ:સ્વાર્થ ભાવે નિરાધારને આધાર આપવાનું , ભૂખ્યાને અન્ન આપવાંનું , દર્દીઓને દવા આપવાનું તેમજ દવાખાના કે હોસ્પિટલ બનાવવા , પાણીની પરબ બનાવવી , અન્નક્ષેત્ર ખોલી મફત જમાડવાના કાર્યો તેમજ આશ્રમ બનાવવા , સ્કુલો બનાવવી જેવા માનવતાનાં કાર્યો ચાલી રહ્યા છે તે જ ખરી માનવતા છે. આવા કાર્યો કરનારને નામનાની કે આત્મશ્રધ્ધાની પડી હોતી નથી. જ્યારે અમુક વર્ગ ધર્મના નામે અનેક પ્રકારના આડંબરો કરે છે, દેખાવ કરે છે, થોડું કાર્ય કરી પોતાની વાહ વાહ કરાવે છે , લોકોમાં ભેદભાવ – વેરઝેર કે જૂથબંધી , નાત જાતના ભેદભાવ વડે લોકોને લડાવવાનાં કાર્યો કરે છે અને સમય તેમજ પૈસા બરબાદ કરી માનવતાને ડહોળેછે. ખરેખર માનવે માનવી બની માનવતાના કાર્યો કરવાં તે શ્રેષ્ઠ અને ઉત્તમ ગણાય.

માનવતા એ જ સાચો ધર્મ છે. દરેક સંતો , ધર્મગુરુઓ , જ્ઞાનિઓ તેમ જ બુધ્ધિજીવીઓએ માનવતાને જ શ્રેષ્ઠ ગણાવી છે. સમાજમાં કે માનવીમા માનવતા જાગ્રત કરવામાં સંતો અને ધર્મગુરુઓનો મોટો ફાળો છે. માનવીમાં રહેલી આ સુષુપ્ત શક્તિને યોગ્ય વાતાવરણ અને માર્ગદર્શન મળતાં પ્રજવલી ઊઠે છે અને મહાન કાર્ય કરવા પ્રેરે છે. જ્યારે કોઈના પર કુદરતની કૃપા થાય છે ત્યારે જ અને તેના વડે જ માનવતા જાગ્રત થાય છે. માનવતા દરેક વ્યક્તિમાં હોય જ છે , પરંતુ તેનું પ્રમાણ ઓછું વત્તું હોય છે. માનવતા વગરનો માનવી બીજાનું હિત નથી ઈચ્છતો , કોઈનું ભલું નથી કરી શકતો , કોઈનું સારુ જોઈ નથી શકતો , કોઈનું સારુ બોલી નથી શકતો, કોઈની સાથે સારા સંબંધ નથી રાખી શકતો.

જે માનવમાં માનવતા છે તે નમ્ર વિવેકી , પ્રેમાળ , પરોપકારી અને દયાળુ હોય છે. આવા વ્યક્તિની હાજરી માત્રથી વાતાવરણમાં આનંદ અને ખુશી ફેલાય છે. માનવતાએ પ્રભુની શક્તિઓનું રૂપાંતર છે. ઈશ્વરી શક્તિઓની આપણામાં હાજરી એટલે માનવતા.....! ખરેખર , કોઈએ સાચું જ કહયું છે કે જ્યાં માનવતા હોય છે ત્યાં પ્રભુનો વાસ હોય છે.



# અલવિદા ખલીલ.....



એસ.કે.ચૌહાણ
માધ્યમિક શિક્ષક

ગુજરાતી સાહિત્યનો ઝળહળતો તારલો ખલીલ ધનતેજવી ખરી પડયો.... 4 એપ્રિલ 2021 ના રોજ શ્રી ખલીલ ધનતેજવીનું દુ :ખદ અવસાન થયું.

ગુજરાતી સાહિત્યમાં તેમના ઉમદા પ્રદાનને ગુજરાતી સાહિત્ય પ્રેમીઓ ક્યારેય નહીં ભૂલી શકે.

મૂળ નામ ખલીલ ઈસ્માઈલ મકરાણી . તેમનો જન્મ 12મી ડિસેમ્બર 1935 માં વડોદરા જિલ્લાના ધનતેજ ગામમાં થયો હતો. તેમણે ફક્ત ધોરણ 4 સુધીનું જ શિક્ષણ મેળવ્યું હતું .

સાહિત્ય ઉપરાંત પત્રકારત્વ , પ્રિન્ટીંગ પ્રેસ અને ફિલ્મ નિર્માણ સાથે પણ સંકળાયેલા હતા.

2004 માં કલાપી પુરસ્કાર , 2013 માં વલી ગુજરાતી ગઝલ પુરસ્કાર તથા 2019 માં તેઓશ્રીને નરસિંહ મહેતા પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.

ઘેરા અવાજના માલિક એવા ખલીલ સાહેબના મુખેથી એમની જ ગઝલોનો રસાસ્વાદ લેવાનો લ્હાવો અમૂલ્ય હતો.

આ મહાન વ્યક્તિત્વને તેમનીજ રચનાઓના કેટલાક અંશોથી શબ્દાંજલિ અર્પીએ એ જ એમની યોગ્ય શ્રધ્ધાંજલી કહેવાશે.

હું ખલીલ આજે મર્યો છું , એ પ્રથમ ઘટના નથી ,
જીંદગીભર હપ્તે હપ્તે રોજ ચૂકવાયો હતો.

વાત મારી જેને સમજાતી નથી ,
એ ગમે તે હોય ગુજરાતી નથી.

ખાલી ગઝલ જો હોય તો ફટકારી મારીએ ;
આ તો હદયની વાત છે હાંફી જવાય છે.





કોઈકના સૂરજને કાં ઝાંખો કરો ,
પોતપોતાના ઘરે દિવો કરો.

બધાય થોડું થોડું ટૂંટિયું વાળીને સુવે છે ,
બધાને થોડી થોડી ગોદડી ટૂંકી પડે છે.

પર્વતો કૂદી જનારો સહેજમાં ભાંગી પડયો ,
આ વખતે કોઈની પાંપણથી પટકાયો હતો.

રગ રગ ને રોમ રોમથી તૂટી જવાય છે ,
તો પણ મજાની વાત કે જીવી જવાય છે.

ભર બપોરે તું કદી માપી જો તારો છાંયડો ,
કેટલું ઊંચું છે તારું કદ ખબર પડશે તને .

સળગતું દિલ , ગરમ શ્વાસો અને ભીંજાયેલી આંખો ,
ખલીલ આપી દઈશ , એની ગમે તે માંગણી આવે .

આપણું અળગા થવું મંજૂર રાખું પણ તને ,
કાળજેથી કાપવાનું આપણાથી નહિ બને .

તમે મન મૂકીને વરસો , ઝાપટું આપણને નહીં ફાવે ,
અમે હેલીના માણસ , માવઠું આપણને નહીં ફાવે .

કોઈ આવીને ઓગાળે મને શ્વાસોની ગરમીથી ,
કશી ઉષ્મા વિના વર્ષોથી હું થીજી ગયેલો છું .

તમારા સ્મિત સામે રોકડા આંસુ મેં ચુકવ્યા છે ,
છતાં જો હોય શંકા તો હિસાબો મેળવી લઈએ .

ખલીલ ઉપરથી અકબંધ છું અડીખમ છું એ સાચું છે ,
પણ અંદરથી જુઓ ક્યાં ક્યાંથી હું તૂટી ગયેલો છું .

હું અરીસા બહાર ઊભો છું
તો
અંદર કોણ છે ?

# કળયુગની હકીકત સાંભળો

માણસ છે પણ માનવતા નથી
કળા છે પણ કદર નથી
સંપતિ છે પણ શાંતિ નથી
શાણપણ છે પણ શરમ નથી
સુધરેલ છે પણ સંસ્કાર નથી
રાત છે પણ ઊંઘ નથી
સાધુ છે પણ સદગુરુ નથી
વેપાર છે પણ નફો નથી
ધર્મ છે પણ આચરણ નથી
દુકાન છે પણ ધંધા નથી


- ભગવાન છે પણ ભક્તિ નથી
- ભાઇઓ છે પણ ભળતું નથી
- ઈશ્વર છે પણ શ્રધ્ધા નથી
- ભણેલા છે પણ ગણેલા નથી
- સુંદર છે પણ સુશીલ નથી
- સગાઓ છે પણ સંપ નથી
- કુટુંબ છે પણ કર્તવ્ય નથી
- સમાજ છે પણ સમજણ નથી
- ડીગ્રી છે પણ નોકરી નથી
- સંસાર છે પણ સુખી નથી



**એમ.એ.ગોસ્વામી**
માધ્યમિક શિક્ષક



# ભારતીય સંસ્કૃતિ શા માટે ધરાશાયી ?



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

ભારતીય સંસ્કૃતિ એટલે કઇ સંસ્કૃતિ ? ભારતીય પહેરવેશ પહેરે , નિયમિત પૂજાપાઠ કરે , વર્ષોથી ચાલી આવતી પરંપરાને જડ ની જેમ વળગી રહે . મકર સંક્રાતિ હોય તો ઊંધિયું જ ખાવાનું અને જુગાર રમ્યા વગર કે પંચાજીરી વગર જન્માષ્ટમી અધૂરી રહેશે એવા ડરથી જીવતો હોય અને શ્રધ્ધા વિનાના શ્રાધ્ધને દિવસે ખીર ખાતો હોય એવા ગતાનુગતિક લોકોએ જેને ટકાવી રાખી છે તે એટલે ભારતીય સંસ્કૃતિ ?

ના , ભારતીય સંસ્કૃતિ એટલે જ્યાં ખુદ ભગવાન રામ અને કૃષ્ણ રૂપે અવતરી માનવને જીવનનું ડેમોસ્ટ્રેશન આપે. નૈતિકતાથી પણ ઊંચે લઇ જનાર વેદાંતના સિધ્ધાંતો જ્યાં હોય. ઉપરાંત ઋષિઓ અને સંતોની આ ભૂમિ હોય . તો પ્રશ્ન થાય કે આ ભારતીય ભૂમિ શા માટે ધરાશાયી થઇ ? તેના માટેના કદાચ આવા કારણો પણ હોઇ શકે , જેવાકે........

** મંદિરો પૈસા કમાવવાના સાધનો થઇ ગયા છે. તો બીજી બાજુ મંદિરોની આડમાં બે નંબરી ધંધાઓના અડ્ડા પણ વિકસ્યા છે.
** મંદિરોમાં ભગવાનના શ્વાસોશ્વાસ સમાન વેદોચ્ચાર બંધ થઇ ગયા છે.
** મૂર્તિપૂજા ફક્ત કર્મકાંડી બની ગઇ.
** ઉત્સવોએ વિકૃત સ્વરૂપ ધારણ કર્યું છે.
** માતૃ – પિતૃદિનની ઊજવણી છોડીને **Black & White day , Rose day** માં પબ્લિક દિવાની બની છે.
** લગ્નો હવે સંસ્કાર ન રહેતાં શ્રીમંતાઇ કે ઠાઠમાઠ બતાવવાના અવસર બની ગયા.
** રિટર્ન ટિકિટ સાથે યાત્રા કરીને જાણે **Wholesale** માં પુણ્ય કમાવવાની હરિફાઇમાં તીર્થ ક્ષેત્રો અટવાયા છે.
** અંગ્રેજોના આંધળા અનુકરણે શિક્ષણનું સ્તર નીચે લાવી દીધું છે.
** જન્મભૂમિનું ગૌરવ ખલાસ થયું છે.
** થોડા વધુ પૈસા અને આવક મળવાની લાલચ કે ઘેલછાએ લોકો પરદેશ પ્રેમી બન્યા છે.

તો મનમાં જરૂર સવાલ ઊઠે છે કે ભારતીય સંસ્કૃતિની આવી દશા માટે જવાબદાર કોણ ? જવાબ છે. આપણે બધા. જેમાં તેજ રહેલું છે તે ભારત ને ગૌરવ અપાવવાનું ખરૂં કામ અમ સૌ ભારતીયોનું છે.

સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યો કે જેના પર ધૂળ ચડી છે તે ને ખંખેરવાનું કે દૂર કરવાનું કામ આપણે જ કરવું પડે. બહાર થી કોઇ આવે ને ભસ્મ આપી કહે ' બેટા તેરા ભલા હો જાયેગા ' એ વાત માં જેમ દમ નથી તેમ ભારતીય સંસ્કૃતિને પુર્નજીવિત આપણે જ કરવી પડે.

ભારતીય નાગરિક તરીકે આપણે સૌ આપણી સંસ્કૃતિને ફરી ગૌરવાન્વિત કરવા કટિબધ્ધ થઇએ. વંદન ભવ્ય અને દિવ્ય ભારતીય સંસ્કૃતિને.

# કેટલાક અંગ્રેજી શબ્દો અને તેમના શુધ્ધ ગુજરાતી ભાષાંતર



મિતેશકુમાર એમ. ઠક્કર
માધ્યમિક શિક્ષક

- Ticket - ટિકિટ - મૂલ્યપત્રિકા
- Technology - ટેકનોલોજી - પ્રૌદ્યોગિકી
- Internet - ઈન્ટરનેટ - આંતરજાળ
- E - mail - ઈ-મેઈલ - વિદ્યુતીય પત્ર
- Software - સોફ્ટવેર - મૃદુ ઉપકરણ
- Button - બટન - બોરિયું
- Website - વેબ સાઈટ - જાળ દૃશ્ય
- Upload - અપલોડ - ઊર્દ્વભારણ
- Download - ડાઉનલોડ - અધઃભારણ
- Engineer - એન્જીનીયર - અભિયંતા



# ચિંતન

એસ.એસ.ભગોરા
માધ્યમિક શિક્ષક

કોઈપણ શુભ કાર્ય હાથમાં લઈએ અને પછી તે જ્યારે સફળ ના થાય ત્યારે 'હુ' અભાગીયો છુ. મારે હાથે કોઈ પણ કાર્ય સફળ થતુ નથી એમ કહીને ક્યારેય પણ પોતાની જાતની ક્યારેય અવગણના કરવી નહી. પરંતુ મરણ પર્યંત આજીવન , શારિરીક , માનસિક , આર્થિક સંપતિ અને સમૃધ્ધિ પ્રાપ્ત કરવા હાર્યા થાક્યા વિના અને નિરાશ થયા વિના અંત સુધી મંડયા રહેવું જોઈએ. કોઈ પણ જાતની સિધ્ધિઓ અને સંપતિ દુર્લભ છે અને મારા તમારાથી પ્રાપ્તિ અશક્ય છે એવું માનવુ સમજવુ ભૂલ ભરેલુ છે. જે જે કાર્ય કર્મ હાથમાં લ્યો તેમ તેમા હદય રેડો. આપણુ હદય અમૃત નો ઘડો છે. હદય માંથી પ્રેમની એ ગુલાબદાની માંથી ઉત્સાહના અમૃતનો છંટકાવ કરી કર્મ ને હમેશા લીલુછંમ અને તાજગી વાળુ રાખો તો કર્મ નો ભાર તમને લાગશે નહી અને આવા પ્રેમ રૂપી ઉગી નીકળેલા કર્મથી સિધ્ધિ અને સંપતિ પ્રાપ્ત થશે અને આપણે સમાજ ઉપયોગી બનીશું.

સૂર્ય ને કોઈ રજા , વેકેશન , હક્ક રજા , સી.એલ. કે મરજીયાત રજા મળતી નથી. એ પોતાનું કર્મ નિયમિત , નિયમ થી અટકયા વિના , સતત , નિરંતર ક્ષણનો પણ વિલંબ કર્યા વિના પોતાનું કર્મ , કાર્ય કર્યાજ કરે છે. એજ ઉત્સાહ એજ ઝડપ થી આપણુ કર્મ કરતા રહીએ તો અવશ્ય આપણે મરણપર્યંત સિધ્ધિઓ અને સંપતિ પ્રાપ્ત કરીશું.





# વીર મારૂતિ



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

' **અંજની પુત્ર પવન સુત નામા** ' થી ઓળખાતા મારૂતિનો જન્મ આ જ માસ આવી રહેલ **ચૈત્રી પૂર્ણિમા** ના દિવસે થયો હતો. જે **હનુમાન જયંતિ** તરીકે પણ ઓળખાયછે. કેટલાયે ભક્તો ભારતીય ભૂમિ પર થઈ ગયા. તેમાંના એક એટલે વીર મારૂતિ. ભારતમાં જે સાત ચિરંજીવી ઓ થઈ ગયા તેમાં હનુમાનની પણ ગણના થઈ છે.

**શ્રીરામના પરમ ભક્ત એવા મારૂતિની** યશ ગાથા આજે પણ ગવાય છે. રામકથા હોય અને હનુમાન ન હોય એ વાત શક્ય જ નથી. રામના મંદિરની પૂર્ણતા હનુમાનની મૂર્તિ વગર ન થાય. ઉતરકાંડમાં શ્રી રામ હનુમાનને વીર , ધીર , રાજનિતી નિપુણ જેવા વિશેષણોથી સંબોધે છે. **बुध्धिमतां वरिष्ठताम** ની ઉપમા હનુમાન માટે વપરાય છે. શ્રીરામનો હનુમાન પર પૂર્ણ સત્તર આનાનો વિશ્વાસ હતો.

**** રામકાળમાં હનુમાને કરેલા અલૌકિક કાર્યો ****

(૧) રાવણના ભાઈ વિભીષણને રામનાપક્ષમાં લેવા કે કેમ તે અંગે બધા ના પાડતા હતા. પરંતુ હનુમાનના કહેવાથી વિભીષણનો સ્વીકાર થયો.
(૨) સીતાજી પાસે અશોકવનમાં જઈને ઈશ્વાકુ કુળનું વર્ણન કે યશ ગાથા હનુમાન જેવા વીર અને ધીર વ્યક્તિ જ ગાઈ શકે.
(૩) રામનો વનવાસ કાળ પૂર્ણ થયા પછી રામ જ્યારે અયોધ્યા પહોંચવાની તૈયારીમાં હોય તે વખતે રામના આગમન થી ભરતના ચહેરા પર કોઈ વિકાર થયો છે કે નહિ તે જોવા માટે રામ હનુમાનને જ મોકલે છે.

**હનુમાનને માનસશાસ્ત્રનો ઊંડો** અભ્યાસ હતો. હનુમાન પોતાને રામના દાસ તરીકે જ ઓળખાવવામાં પોતાનું ગૌરવ સમજે છે. હનુમાનનું શૌર્ય કાં તો વીરતા દાસ્યભાવમાં છે. જે રામને જીતે તે રાવણને જીતશે જ.

રામ રાવણ યુધ્ધની સમાપ્તિ પછી આયોધ્યામાં સર્વ વાનરોને ભેટ અપાતી હતી તે વખતે સીતાજીએ અતિ કિંમતી મોતીની માળા જ્યારે હનુમાનને આપી ત્યારે હનુમાન એક એક મોતી ફોડીને ચકાસેછે કે આ માળા મારા રામના કામમાં ઉપયોગી છે કે નહિ ? જો નથી.તો પછી તે માળા મારા શું કામની ? આ વાત હનુમાન નો રામ પ્રત્યેનો અનન્ય પ્રેમ બતાવે છે.

આજના કાળમાં તેલ ચડાવીને કે આંકડાના ફૂલની માળા ચડાવીને આપણી ભક્તિ જાણે પૂરી એમ સમજવામાં આવે છે. **ભક્તિનો સાચો અર્થ હનુમાનના જીવનમાંથી જ આપણને જોવા મળે** . આજના સમયમાં રાવણી વિચારો અને વૃતિઓનું દહન કરનાર વીર મારૂતિની જરૂર છે. આપણે તો આજે બે પૈસાના તેલમાં અને એક આનાની માળામાં હનુમાનની કિંમત કરી નાખી.

**મંગલમૂર્તિ અને મારૂતિ નંદન** હનુમાનના જીવનને પિછાણીએ તો જ આપણી કાટ ખાઈ ગયેલી કે તર્ક – વિતર્ક માં ફસાયેલી બુધ્ધિને કંઈક અંશે જરૂર ચમકારો થાય. બાકી તો કેટલીએ જયંતિઓ આવે છે ને જાય છે પણ જયાં સુધી **શુધ્ધ વૃતિ અને મતિ** થી વિચાર ન કરવામાં આવે તો તેવી જ્યંતિ ઊજવવાનો કોઈ અર્થ રહેતો નથી. **વીર મારૂતિને અનંત પ્રણામ.**

# અમૂલ્ય જીવન



એ.આર.ડાભી
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

જીવન અમૂલ્ય છે. આપણે વિચારીએ કે આપણને જીવન જે મળ્યું છે તેનું શું મહત્વ છે. જીવન કુદરતે આપેલી એક અનોખી ભેટ છે. આ જીવનમાં મનુષ્યજીવન એ ઉત્તમ જીવન છે. અન્ય પ્રાણીઓની સરખામણીમાં મનુષ્યજીવન એ શ્રેષ્ઠ છે. મનુષ્યને કુદરતે આપેલી બુદ્ધિ, જ્ઞાન અને સમજ જે અન્ય પ્રાણીઓથી જુદા કરે છે.


મનુષ્ય જીવનનું ઉત્તમ ઘડતર કેળવણી દ્વારા થવું જોઈએ. શિક્ષણ મનુષ્યને ઉન્નત અને બહેતર જીવન માટે તૈયાર કરે છે. ટૂંકમાં કહી શકાય કે શિક્ષણ એ માણસને ઉત્તમ જીવન જીવવાની જડીબુટ્ટી આપે છે. પરંતુ આજકાલ મનુષ્યમાં તેની વિપરીત અસરો જોવા મળે છે. જે ખૂબ જ દુઃખદ કહી શકાય.

કોરોનાની મહામારી આ સમયમાં લોકો હતાશ અને નિરાશ બન્યા છે, લોકો ની હાડમારીઓ વધી રહી છે, નોકરીઓ ગુમાવી રહ્યા છે, આર્થિક ભીંસમાં જીવન જીવી રહ્યા છે, ભવિષ્યની ચિંતાઓ સતાવી રહી છે, લોકો ચિંતાના બોજ તળે દબાઈ રહ્યા છે, ઘણા દેવાના બોજ તળે દબાઈ ને આત્મહત્યા તરફ આગળ વધી રહ્યાના કિસ્સા જોવા મળે છે. આવી કઠીન પરિસ્થિતિમાં મજબૂત મન જ મનુષ્યને જીવન જીવવાની પદ્ધતિ શીખવે છે. સરળ જીવન તો સૌ કોઈ જીવી જાણે પણ કઠીન પરિસ્થિતિમાં જીવન જીવવાનો સંઘર્ષ મનુષ્યને ઉત્તમ બનાવે છે. ગુજરાતીમાં કહેવત છે કે, "મન હોય તો માળવે જવાય" તે મુજબ આ સમયમાં વ્યક્તિનું મનોબળ મજબૂત હોવું ખૂબ જરૂરી છે.

વાલીઓમાં આજે વિદ્યાર્થીઓની ચિંતા જોવા મળે છે. માતા-પિતાની અપેક્ષા વિદ્યાર્થી પ્રત્યે બેફામ વધી રહી છે. પરંતુ આ સમયમાં ઓનલાઇન શિક્ષણ દરમિયાન ઘણા બાળકો ઓનલાઇન ગેમ તેમજ ટેકનોલોજીના દૂષણ તરફ આગળ વધ્યા છે. ત્યારે માતા-પિતા દ્વારા જો કંઈક ટકોર કરવામાં આવે તો બાળકો આત્મહત્યાના વિચાર તરફ આગળ વધે છે જે ખૂબ જ દુઃખદ કહેવાય. આ સમયમાં વાલીઓએ બાળકોને પ્રેમથી સમજાવવા જોઈએ. જો પરિવારની કેળવણી બરાબર હશે તો વિદ્યાર્થી આડાઅવળા માર્ગ તરફ નહીં આગળ વધે જેનો ખ્યાલ વાલીઓએ રાખવાનો છે.

અંતમાં એટલું કહી શકાય કે આપણું મન હંમેશા શાંત હોવું જરૂરી છે. પરિસ્થિતિઓની સાથે ધીરજથી કામ લઈએ. આવેશમાં આવી કોઈ નિર્ણયો કરવા નહીં. આ જીવન અમૂલ્ય છે જે ફરીથી પ્રાપ્ત થનાર નથી. આવા અણમોલ જીવનને જીવતા શીખીએ.





# પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા પુણ્યતિથિ ઉજવણી





તા. 30 મી માર્ચ 2021ના રોજ શ્રી શ્યામજી કૃષ્ણ વર્માનગર-કોલોની (પાનન્ધ્રો) ખાતે કચ્છ-ગુજરાતના પનોતા પુત્ર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની ૯૨મી પુણ્યતિથિ નિમિત્તે GMDC પાનન્ધ્રોના જનરલ મેનેજર શ્રી બી.કે.મહતો સાહેબ તથા શ્રી એસ.કે.વી.વિદ્યાલયના આચાર્યશ્રી એસ.જે.મેહતા સાહેબના માર્ગદર્શન અન્વયે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાઇ ગયો.

શ્રી એસ.કે.વી. વિદ્યાલયના માધ્યમિક તથા પ્રાથમિક શાળાના વરિષ્ઠ શિક્ષકશ્રી બિપિનચંદ્ર દવે સાહેબ તેમજ શ્રી કે.એ.તન્ના સાહેબના આયોજન અંતર્ગત GSECLના P.O. શ્રીસિંધા સાહેબ, પાનન્ધ્રો ગ્રામપંચાયતના ઉપસરપંચ શ્રી કુલદીપસિંહ ચાવડા,હિન્દુ યુવા સંગઠનના પ્રમુખશ્રી દાનુભા સોઢા તેમજ સર્વે યુવાનો,GMDC –GSECLના અધિકારી-કર્મચારીઓ,યુનિયન પ્રતિનિધિઓ,વિવિધ સમાજના પ્રમુખો,એસ.કે.વી. વિદ્યાલયના શિક્ષકો તેમજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી સૌએ પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરી શહીદોની યાદમાં નારાની ગુંજથી સમગ્ર વાતાવરણને દેશભક્તિના રંગે રંગી દીધું હતું.

આ પ્રસંગે શાળાના શિક્ષકશ્રી મુકેશ દવેએ દેશના વીર સપૂતોના બલિદાનને યાદ કરી રાષ્ટ્રની સાંપ્રત પરિસ્થિતિને અનુરૂપ ઋણ ચૂકવવા હંમેશાં તત્પર રહીએ એજ સાચી શ્રદ્ધાંજલિ છે તેવું જણાવ્યું હતું, તદુપરાંત શિક્ષકશ્રી યશવંતદાન ગઢવીએ ક્રાંતિવીરના સ્વાતંત્ર્ય સંગ્રામની ઘટનાઓને ટાંકી દેશ માટે જીવવાની હાકલ કરી હતી.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની યાદગીરી જીવંત રાખવા મસ્કા (માંડવી-કચ્છ)ખાતે 'INDIA HOUSE'ની પ્રતિકૃતિ રૂપે નિર્માણપામેલ "ક્રાંતિતીર્થ"નો નિભાવ તેમજ સંચાલન ગુજરાત ખનીજ વિકાસ નિગમ દ્વારા સુચારુ રીતે થઈ રહ્યો છે.

**Report by:-MK Dave**